# <u>ફોજદારી કેસ નંબર–૨૪/૨૦૨૬ના કામે કમીટલ હુકમ</u>

**આંક–**

**–ક મી ટ લ ઠ રા વ–**

૧) આ કામના આરોપી સામે શીલ પોલીસ મથકેથી તપાસના અંતે શીલ પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર–૧૧૨૦૩૦૫૫૨૫૦૪૦૭/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૩૧૭(૨),૩૧૭(૪) તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ–૨૦૦૦ની કલમ–૬૬(ડી) મુજબના ગુના સબબ ચાર્જશીટ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે. આરોપી સામેના ગુના સબબ નામદાર સેશન્સ અદાલતને ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા છે, તેવી વૈધાનિક જોગવાઇ છે.

૨) આ કામે આરોપીને તેમની વિરુધ્ધના ગુનાના કામે પોલીસ પેપર્સની નકલો આપી, આરોપીનો જવાબ (પ્લી) નોંધતા, તેમણે તેમના સ્વખર્ચે વકીલ રોકવા જણાવેલ છે.

૩) ઉપરોક્ત હકિકત ધ્યાને રાખતાં, આ કેસની ઇન્સાફી કાર્યવાહી અત્રેની અદાલતને કરવાની સત્તા ન હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુ ક મ –**

૧) આ કામના આરોપી સામેનો હાલનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૨ અન્વયે નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, કેશોદ તરફ કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપીનું તારીખ–૧૫/૦૫/૨૦૨૬ના રોજ નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ, કેશોદ સમક્ષ હાજર રાખવા માટે કમીટલ વોરંટ ભરી જેલને જાણ કરવામાં આવે છે.

૩) આ કામનુ તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર એડીશ્નલ સેશન્સ કોર્ટ કેશોદમાં મોકલી આપવું તથા આ કેસ કમીટ થયાની જાણ મદદનીશ સરકારી વકીલશ્રી, કેશોદનાઓને કરવી.

આ હુકમ આજ તારીખ ૦૧મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહિ કરી જાહેર કર્યો.

**તારીખ–૦૧/૦૫/૨૦૨૬**
**સ્થળ–માંગરોળ**

**(એ.એમ.મહેતા)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**માંગરોળ**